ગાંધીનગર સમાચાર

મનપામાં દિવા તળે જ અંધારૂ !!

# તેરમી વિધાનસભામાં ત્રીજુ મંત્રીમંડળ રચાયુ !

## મહિલા સશક્તિકરણ + યુથ એમ્પાવર્ડ = રાજ્યની વિકાસકૂચ

ગાંધીનગર, તા. ૮

સમયસર

તેરમી વિધાનસભાએ ગુજરાતની રાજકીય ઝાંખીના બદલાવ માટે વધુ ઓળખાશે તેવી વાતો રાજકીય નિરીક્ષકોની ચર્ચાનો મુદ્દો બન્યો છે ત્યારે અમે આવી જ વાત અહિ કરી રહ્યા છીએ.

રાજયમાં તેરમી વિધાનસભામાં ત્રીજુ મંત્રીમંડળ વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં બન્યુ છે. આમ તો રાજકીય વિશ્લેષકોના મત પ્રમાણે આ ૧૩મી વિધાનસભા ચાલે છે અને ૨૩મા મુખ્યમંત્રી રૂપાણી બન્યા છે એટલે સરેરાશ સત્ર દીઠ બે મુખ્યમંત્રી બદલાય તેવી ગુજરાતના રાજકારણની તાસીર રહી છે.

રાજ્યમાં બે વાર મિશ્ર સરકારો પણ બની છે પણ જો કે આ બન્ને મિશ્ર સરકારોનો પ્રયોગ સફળ રહ્યો નથી તે પણ રાજકીય વિશ્લેષકો સ્વીકારી રહ્યા છે.

રાજ્યના મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિકાસ મોડેલ તરીકે ગુજરાતને પ્રસ્થાપિત કરી અને આરંભેલી વિકાસકૂચે ૧૩મી વિધાનસભામાં કેવા વળાંકો લીધા છે તે જોવા જેવા છે.

તેમના અનુગામી બનેલા શ્રીમતિ આનંદીબેન પટેલે રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી હોવાને કારણે મહિલા સશક્તિકરણને પ્રાધાન્ય આપ્યુ. મહિલા વિકાસને લક્ષમાં રાખી જેન્ડર બજેટ પણ બનાવ્યુ એટલુ જ નહિ પંચાયતી રાજવ્યવસ્થામાં ૫૦ ટકા મહિલાઓ માટે અનામત લાગુ કરાવી.

ગતિશીલ ગુજરાતના નારા સાથે તેમણે સફળ વાયબ્રન્ટ સમીટનું આયોજન કર્યા પછી આંતર માળખાકીય ક્ષેત્રે ખુટતી કડીઓ જોડવા ઉપરાંત લોકોને કેન્દ્રમાં રાખી તેમના પ્રશ્નોના સકારાત્મક ઉકેલ માટેનું અભિયાન ચલાવ્યુ હતુ. વહીવટીતંત્રમાં વયમર્યાદાની

● અનુસંધાન પાન-૫ પર

# નીતિન પટેલ પર સૌથી વધુ કાર્યભારણ

## મહેસુલ વિભાગમાંથી ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગ અલગ કરાયુ; ૭ રાજ્યમંત્રીઓને સ્વતંત્ર હવાલા; રાજ્ય ગૃહમંત્રી તરીકે પ્રદીપસિંહ જાડેજા

ગાંધીનગર, તા. ૮



રાજયમાં નવી રચાયેલ રૂપાણી સરકારના ૭ રાજયમંત્રીઓને સ્વતંત્ર હવાલા સાથે મહેસુલ વિભાગના ટુકડા કરી ખાતાઓની ફાળવણી કરવામાં આવી છે.

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલને નર્મદા, કલ્પસર, પેટ્રોકેમિકલ, નાણાં, શહેરી વિકાસ તેમજ માર્ગ-મકાન વિભાગનો ભારે કાર્યબોજ લાદવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી રૂપાણીએ તેમની પાસે ઉદ્યોગ, ગૃહ, સામાન્ય વહીવટ, ખાણખનીજ તેમજ આયોજન જેવા વિભાગો રાખ્યા છે જેથી તેઓ પ્રવાસ પર વધુ ધ્યાન કેન્દ્રીત કરી શકે એટલુ જ નહિ મહેસુલ વિભાગમાંથી ડિઝાસ્ટર મેનેજમેન્ટને અલગ કરી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને શિક્ષણ જેવા સંવેદનશીલ વિભાગની સાથે મહેસુલ વિભાગ ફાળવ્યો છે.

રાજ્યના મુખ્યમંત્રી તરીકે વિજયભાઈ રૂપાણીએ આજે તેમના નવા રચાયેલા મંત્રીમંડળમાં ખાતાની ફાળવણી કરી કેબિનેટ મંત્રીઓના કાર્યભારણમાં ઘટાડો કરવા ઉપરાંત ૭ રાજ્યકક્ષાના મંત્રીઓને સ્વતંત્ર પ્રભાર વિભાગો સોંપ્યા છે.

આજે આખા દિવસની કવાયતને અંતે સાંજે મંત્રીઓને ખાતાની ફાળવણી કરવામાં આવી હતી. જેમાં મહેસુલ વિભાગનો હવાલો ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને આપવા ઉપરાંત શિક્ષણ વિભાગનો હવાલો સોંપાયો છે. તો રાજ્યના ઊર્જા વિભાગનો હવાલો ચીમનભાઈ સાપરિયાને કૃષિ ઉપરાંત સોંપવામાં આવ્યો છે.

બાબુભાઈ બોખીરીયા પાસેથી જળસંપત્તિ વિભાગનો હવાલો લઈ નાનુભાઈ વાનાણીને આપવામાં આવ્યો છે. જયારે બાબુભાઈને પાણી પુરવઠા, પશુપાલન, ગૌસંવર્ધન, નાગરિક ઉડ્ડયન જેવા ખાતાઓની ફાળવણી કરવામાં આવી છે.

દિલીપ ઠાકોરને શ્રમ-રોજગાર તેમજ ડિઝાસ્ટર મેનેજમેન્ટની જવાબદારી સોંપવામાં આવી છે. જયેશ રાદડિયાને અન્ન નાગરિક પુરવઠો અને કુટિર ઉદ્યોગ વિભાગની જવાબદારી સોંપવામાં આવી છે.

આરોગ્ય વિભાગનો સંપૂર્ણ સ્વતંત્ર હવાલો શંકરભાઈ ચૌધરીને,

● અનુસંધાન પાન-૫ પર

## કયા મંત્રીઓને - કયા વિભાગ...

| ક્રમ | નામ અને હોદ્દો | વિષય ફાળવણીની વિગત |
|---|---|---|
| ૧. | શ્રી વિજયકુમાર રમણીકલાલ રૂપાણી **મુખ્યમંત્રીશ્રી** | સામાન્ય વહીવટ, વહીવટી સુધારણા અને તાલીમ, ઉધોગ, ગૃહ, ખાણ ખનિજ, બંદરો, માહિતી પ્રસારણ, સાયન્સ અને ટેકનોલોજી, તમામ નીતિઓ, કલાઈમેટ ચેન્જ, આયોજન, કોઈ મંત્રીશ્રીઓને ન ફાળવેલ હોય તેવી તમામ બાબતો |
| | **મંત્રીશ્રીઓ** | |
| ૨. | શ્રી નીતિનકુમાર રતિલાલ પટેલ **(નાયબ મુખ્યમંત્રીશ્રી)** | નાણા, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ, માર્ગ અને મકાન, પાટનગર યોજના, નર્મદા, કલ્પસર, પેટ્રોકેમિકલ્સ |
| ૩. | શ્રી ભુપેન્દ્રસિંહ મનુભા ચુડાસમા | મહેસુલ, શિક્ષણ (પ્રાથમિક, માધ્યમિક, પ્રૌઢ), ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ, વૈધાનિક અને સંસદીય બાબતો |
| ૪. | શ્રી ગણપતભાઈ વેસ્તાભાઈ વસાવા | આદિજાતી વિકાસ, પ્રવાસન, વન |
| ૫. | શ્રી ચીમનભાઈ ધરમશીભાઈ સાપરિયા | કૃષિ, ઉર્જા |
| ૬. | શ્રી બાબુભાઈ ભીમાભાઈ બોખીરિયા | પાણી પુરવઠો, પશુપાલન અને ગૌસંવર્ધન, મત્સ્યોધોગ, નાગરિક ઉડ્ડયન, મીઠા ઉદ્યોગ |
| ૭. | શ્રી આત્મારામ મકનભાઈ પરમાર | સામાજીક ન્યાય અને અધિકારિતા (અનુસુચિત જાતિઓનું કલ્યાણ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ સહિત), મહિલા અને બાળ કલ્યાણ |
| ૮. | શ્રી દિલીપકુમાર વીરાજી ઠાકોર | શ્રમ અને રોજગાર, ડીઝાસ્ટર મેનેજમેન્ટ, યાત્રાધામ વિકાસ |
| ૯. | શ્રી જયેશકુમાર વિઠ્ઠલભાઈ રાદડિયા | અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતો, કુટિર ઉદ્યોગ, છાપકામ અને લેખન સામગ્રી |
| | **રાજયકક્ષાનાં મંત્રીશ્રીઓ** | |
| ૧૦. | શ્રી શંકરભાઈ લગધીરભાઈ ચૌધરી | આરોગ્ય અને પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ, પર્યાવરણ (તમામ સ્વતંત્ર હવાલો) અને શહેરી વિકાસ |
| ૧૧. | શ્રી પ્રદીપસિંહ ભગવતસિંહ જાડેજા | પોલીસ આવાસો, સરહદી સુરક્ષા, નાગરિક સંરક્ષણ, ગૃહ રક્ષક દળ, ગ્રામ રક્ષક દળ, જેલ, નશાબંધી આબકારી, કાયદો અને ન્યાયતંત્ર, દેવસ્થાન, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિન નિવાસી ગુજરાતી પ્રભાગ, પ્રોટોકોલ (તમામ સ્વતંત્ર હવાલો) અને ગૃહ, ઉર્જા |
| ૧૨. | શ્રી જયંતિભાઈ રામજીભાઈ કવાડિયા | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ(તમામ સ્વતંત્ર હવાલો) |
| ૧૩. | શ્રી નાનુભાઈ ભગવાનભાઈ વાનાણી | જળસંપત્તિ (સ્વતંત્ર હવાલો), પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ |
| ૧૪. | શ્રી પરષોત્તમભાઈ ઓધવજીભાઈ સોલંકી | મત્સ્યોધોગ |
| ૧૫. | શ્રી જશાભાઈ ભાણાભાઈ બારડ | પાણી પુરવઠા, નાગરિક ઉડ્ડયન, મીઠાઉધોગ |
| ૧૬. | શ્રી બચુભાઈ મગનભાઈ ખાબડ | પશુપાલન, ગૌસંવર્ધન |
| ૧૭. | શ્રી જયદ્રથસિંહજી ચંદ્રસિંહજી પરમાર | માર્ગ અને મકાન, ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ |
| ૧૮. | શ્રી ઈશ્વરસિંહ ઠાકોરભાઈ પટેલ | સહકાર (સ્વતંત્ર હવાલો) |
| ૧૯. | શ્રી વલ્લભભાઈ ગોબરભાઈ કાકડિયા | વાહન વ્યવહાર (સ્વતંત્ર હવાલો) |
| ૨૦. | શ્રી રાજેન્દ્ર સૂર્યપ્રસાદ ત્રિવેદી | રમત - ગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ (સ્વતંત્ર હવાલો), યાત્રાધામ વિકાસ |
| ૨૧. | શ્રી કેશાજી શિવાજી ચૌહાણ | સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગોનું કલ્યાણ |
| ૨૨. | શ્રી રોહિતભાઈ પટેલ | ઉધોગ, ખાણ ખનિજ, નાણા |
| ૨૩. | શ્રી વલ્લભભાઈ વશરામભાઈ વઘાસિયા | કૃષિ, શહેરી ગૃહ નિર્માણ |
| ૨૪. | શ્રીમતી નિર્મલાબહેન સુનિલભાઈ વાધવાણી | મહિલા અને બાળ કલ્યાણ |
| ૨૫. | શ્રી શબ્દશરણ ભાઈલાલભાઈ તડવી | વન અને આદિજાતિ વિકાસ |



હર હર મહાદેવ - શ્રાવણ મહિનાના પહેલા સોમવારે ભાવિકો મહાદેવના મંદિરોએ દર્શન કરવા ઉમટી પડ્યા હતા. ગાંધીનગરના પાદરે આવેલ ધોળેશ્વર મહાદેવ ખાતે ભાવિકો મહાદેવના દર્શન કરવા મોટી સંખ્યામાં કતારમાં ઉભા રહ્યા હતા. મહાદેવના દર્શન કરી ભાવિકોએ ધન્યતા અનુભવી હતી.

# નવનિયુક્ત મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીએ કાર્યભાર સંભાળ્યો

ગાંધીનગર, તા. ૮

નવનિયુક્ત મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ મુખ્યમંત્રી તરીકે કાર્યારંભ પ્રારંભ કરતાં પહેલાં સચિવાલય પરિસરમાં રાષ્ટ્ર વિભૂતિઓની પ્રતિમા સમક્ષ પુષ્પ આદારાંજલિ અર્પણ કરી તેમના આશીર્વાદ મેળવ્યા હતા. મુખ્યમંત્રીએ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ તથા બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકર અને વિઠ્ઠલભાઈ પટેલની પ્રતિમાને કૃતજ્ઞતાપૂર્વક વંદન કર્યા હતા.

તેમણે કહ્યું કે ૮ ઓગષ્ટ એ સૌ માટે ઐતિહાસિક દિવસ છે. આ દિવસે ૧૯૪૨માં અંગ્રેજો સામે ભારત છોડો ચળવળ-ક્વીટ ઈન્ડિયા મૂવમેન્ટનો આરંભ થયો હતો.

આ ચળવળની પરિપાટીએ આપણને જે આઝાદી મળી-સ્વતંત્રતા પ્રાપ્ત થઈ તેનું ગૌરવ કરતાં આજના આ ઐતિહાસિક દિવસથી રાજ્યશાસનનું નેતૃત્વ દાયિત્વ સંભાળવાની મને તક મળી છે તે સદભાગ્ય છે. ગુજરાત આ રાષ્ટ્રવિભૂતીઓના આશીર્વાદથી વિકાસની નવી ઊંચાઈઓ સર કરશે.

વિજયભાઈ રૂપાણીએ ત્યાર બાદ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ સાથે સ્વર્ણિમ સંકુલમાં મુખ્યમંત્રી કાર્યાલયમાં પ્રવેશ કર્યો હતો.

# ગાંધીનગર એસ ટી ડેપોના શ્રેષ્ઠ ડ્રાઈવર કંડકટરને એવાર્ડ એનાયત કરાયો



ગાંધીનગર તા ૮

એસ ટી બસ સેવાને વધુ અસરકારક અને ઝડપી બનાવવા માટ એસ ટી ની વિભાગીય કચેરી દ્વારા શ્રેષ્ઠ ડ્રાઈવર,કંડકટર અને મિકેનીકની સ્પર્ધા યોજવાનુ નક્કી કરવામાં આવ્યુ છે. જે અન્વયે આજે ગાંધીનગર ડેપોના શ્રેષ્ઠ કર્મચારીઓનુ સન્માન કરવામાં આવ્યુ હતુ. એસ ટી બોર્ડના સભ્યો તેમજ વિભાગીય નિયામકના હસ્તે શ્રેષ્ઠ ડ્રાઈવર કંડકટરોને એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

એસ ટી ડેપોને આર્થિક ફાયદો થાય તેમજ કર્મચારીઓને પ્રોત્સાહન મળે અને બસ સેવા વધુ અસરકારક બને તેવા આશયથી એસ ટી નિગમ દ્વારા શ્રેષ્ઠ ડ્રાઈવર કંડકટરની સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધા દર મહીને યોજવામાં આવે છે. વર્ષના અંતે આ ડ્રાઈવર કંડકટર તેમજ મિકેનીકમાંથી સર્વશ્રેષ્ઠ કર્મચારીઓને સન્માનિત કરવામાં આવશે. ગાંધીનગર ડેપોમાં આજે આ નિમિત્તે એક કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. આ દરમિયાન એસ ટી બોર્ડના ડિરેકટર ભગવાનદાસ પંચાલ એસ ટી નિગમના વિભાગીય નિયામક એ કે પરમાર ગાંધીનગરના ડેપો મેનેજર સહીતના અધિકારીઓએ શ્રેષ્ઠ ડ્રાઈવર કંડકટર તેમજ મિકેનીકને તેમની સારી કામગીરી બદલ એવોર્ડ એનાયત કરી સન્માનિત કર્યા હતા. જેમાં ગાંધીનગર ડેપોમાં શ્રેષ્ઠ ડ્રાઈવર તરીકે વી બી દેસાઇ,શ્રેષ્ઠ મિકેનીક પી એસ રાવળ,શ્રેષ્ઠ કંડકટર તરીકે કે એન પરમારનો સમાવેશ થયો છે. ડેપોના આ કર્મચારીઓને વિભાગના અધિકારીઓએ નવાજયા હતા. એસ ટી નિગમની આવક વધે તેમજ બસસેવાને વધુ અસરકારક બનાવવા માટે આ દરમાસે સ્પર્ધાનુ આયોજન કરવામાં આવે છે. જેમાં હાજરી ,સ્વચ્છતા,વર્તણુંક, ટ્રીપોનુ સંચાલન,ફરજ નિષ્ઠા, પ્રશંસનીય કામગીરી સહીતની બાબતોને ધ્યાને રાખવામાં આવે છે. જેને અનુલક્ષી આજે આ ડ્રાઈવર કંડકટરની પસંદગી કરવામાં આવી હતી.

# મનપામાં દિવા તળે જ અંધારૂ !!

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેર ડેન્ગ્યુ અને વાહકજન્ય રોગચાળા માટે સંવેદનશીલ શહેરોની યાદીમાં છે ત્યારે સ્વર્ણિમ પાર્કમાં મુકાયેલા ડસ્ટબીનોની અંદર જ એડીસ મચ્છરોના ભારે બ્રીડીંગ જોવા મળી રહ્યા છે જે મનપાના આરોગ્યતંત્રમાં દિવા તળે અંધારાની સ્થિતિ ચિંતા ઉપજાવે છે.

ચાર કિ.મી. જેટલા વિસ્તારમાં પથરાયેલ સ્વર્ણિમ પાર્કની અંદર જે ખાસ ડિઝાઈનની ડસ્ટબીનો મુકવામાં આવી છે તેમાં ઉપરના ભાગે વાડકા જેવો આકાર છે જેમાં ફર ફર પડી રહેલા વરસાદી પાણીનો સંગ્રહ આ એડીસ મચ્છરોને સૌથી સફળ અને

### સ્વર્ણિમ પાર્કમાં મુકાયેલી ડસ્ટબીનોમાં જ એડીસ મચ્છરોના ભારે બ્રીડીંગ જોવા મળી રહ્યા છે

શ્રેષ્ઠ રહેઠાણ તરીકે મળી રહ્યું છે.

શહેરી મેલેરિયા તંત્રએ અત્યાર સુધી ૪૦૦થી વધુ સ્થાનોએ પોરા નાશક કામગીરી કરી છે પણ સેન્ટ્રલ વિસ્ટામાં તેની નજર સુદ્ધાં કેમ પડી નથી ? તેને લઈ નગરજનોમાં ભારે ચર્ચા જાગી છે.

આ સ્વર્ણિમ પાર્કનો ઉપયોગ નગરજનો મોર્નિંગ વોક માટે કરતા હોય છે અને મેલેરિયા તંત્રના કહેવા મુજબ ડેન્ગ્યુના મચ્છરો દિવસે જ કરડતા હોય છે. આ સેન્ટ્રલ વિસ્ટાની બન્ને બાજુએથી સચિવાલયમાં જવા આવવાના માર્ગો પણ પસાર થાય છે એટલે સૌથી વધુ સંવેદનશીલ વિસ્તાર

● અનુસંધાન પાન-૫ પર

# ઉચ્ચ પ્રાથમિકમાં ભાષા, ગણિત-સામાજિક વિજ્ઞાનના વિષયોની ૧૩૮ જગ્યાઓ ખાલી છે

## આજે વિકલ્પ આપનાર ૧૦૧ જેટલા શિક્ષકોને કેમ્પ યોજી બદલી કરી આપવામાં આવશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં શિક્ષકોની વધ-ઘટની બદલીના કેમ્પ બાદ હવે ઉચ્ચ પ્રાથમિક માટે વિકલ્પ મેળવી બદલીનો એક મહત્વનો કેમ્પ આજે યોજવામાં આવ્યો છે.

જિલ્લામાં ભાષા, ગણિત અને સામાજિક વિજ્ઞાન વિષયની ઉચ્ચ પ્રાથમિકમાં ખાલી પડેલી ૧૩૮ જેટલી જગ્યાઓ સામે જિલ્લાના ૧૦૧ જેટલા શિક્ષકોએ ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં જવાનો વિકલ્પ આપતાં આ કેમ્પ યોજવામાં આવી રહ્યો છે.

મળતી વિગતો પ્રમાણે દહેગામમાં ભાષા, ગણિત અને સામાજિક વિજ્ઞાનના વિષયની ૫૦થી વધુ જગ્યા ખાલી પડેલી છે. તો ગાંધીનગરમાં આ ત્રણ વિષયની ૩૨ જેટલી અને કલોલમાં ૩૦ જેટલી તો માણસામાં ૨૦ જેટલી જગ્યાઓ ખાલી છે.

જિલ્લામાં શિક્ષકો જે ઉચ્ચ પ્રાથમિક શિક્ષણના વિષયો

● અનુસંધાન પાન-૫ પર

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com